ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે અર્ધસત્ય નાટક યોજાશે.

● જાગૃત નાગરિક પરિષદ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૧, નમન એપાર્ટમેંટ ખાતે બેઠક યોજાશે.

● સુંદરધામ પરિવાર દ્વારા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન સંજયભારતી બાપુની વ્યાસપીઠે બંગલા નં ૧૮, સમર્થ બંગલો ગ્રીનસીટીની પાસે, કલોલ ખાતે સુંદરકાંડ પાઠ યોજાશે.

**ગણેશોત્સવ - પ્રથમ દિવસ**

● ઈન્ડિયન ઈસ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજયુકેશન ખાતે સાંજે ૬.૩૦ કલાકે ગણેશજીની સ્થાપના આરતીનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ભાવિક રાવલના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૧૧/૨, આનંદવાટિકા સોસાયટી, સે-૨૨ ખાતેથી સવારે ૯ કલાકે મહાઆરતી અને શોભાયાત્રા યોજાશે. આ ઉપરાંત સે-૨૨ રંગમંચ ખાતે રાત્રિના ૯ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સવારે ૯ કલાકે જયેશભાઈ પ્રજાપતિના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૯૭/૧, સે-૬-સી ખાતે શ્રીજીની શોભાયાત્રા નીકળી ભુવનેશ્વર મહાદેવના મંદિરે પહોંચશે. તેમજ રાત્રે ૮.૩૦ કલાકે લોકડાયરો પણ યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બપોરે ૧.૩૦ કલાકે પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી ખાતેથી ભવ્ય શોભાયાત્રા તેમજ રાત્રે ૮ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● યુવક મિત્ર મંડળ, સે-૩-ડી દ્વારા સવારે ૭.૩૦ કલાકે પ્લોટ નં. ૯૭૬/૧, સે-૩-ડી ખાતેથી શોભાયાત્રા નીકળશે. આ ઉપરાંત રાત્રે ૯ કલાકે ગોલ્ડન ચીયર્સ દ્વારા ગરબાની રમઝટ જામશે.

● શ્રી સિધ્ધિ વિનાયક મિત્ર મંડળ સે-૩-એ દ્વારા સવારના ૮ કલાકે શોભાયાત્રા યોજાશે. તેમજ બપોરના ૩ કલાકે ઘ-૧, વગડાવાળી માતાજીના ચોકમાં સ્થાપના વિધિ કરાશે અને રાત્રિના ૯ કલાકે ડાન્સનો કાર્યક્રમ યોજાશે.

● ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા સવારે ૯ કલાકે ગણેશબાગ, સે-૮-બી ખાતેથી શોભાયાત્રા અને રાત્રે ૮ કલાકે ગણેશજીની આરતી કરાશે.

● જય ગોગા યુવક મંડળ સે-૫-બી દ્વારા સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે. આ ઉપરાંત બપોરના ૨ કલાકે આનંદનો ગરબો ગવાશે.

● મહારાષ્ટ્ર સમાજ સે-૨૧ દ્વારા કીરીટ કાંબળના નિવાસસ્થાન સે-૪-બી ખાતેથી ગણેશજીની શોભાયાત્રા નીકળશે અને બપોરના ૧૨ કલાકે સમાજભવન, સે-૨૧ ખાતે શ્રીજીની વિધિવત સ્થાપના કરવામાં આવશે.

● શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના નરેશભાઈ દવેના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૬૮૯/૧, સે-૫-સી ખાતેથી સવારે ૮ કલાકે શોભાયાત્રા નીકળશે અને શોભાયાત્રા બ્રહ્મભવન સે-૧૬ ખાતે પહોંચશે.

● શ્રી વિનાયક યુવક મંડળ સે-૫ બી દ્વારા સવારના ૮ કલાકે શોત્રાયાત્રા નીકળશે ત્યારબાદ બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે.

# સાહેબ, મારા માથાનાં માપનું હેલ્મેટ લાવી આપો...!

**ઘરે આવેલા ત્રણ ત્રણ ઈ-મેમો સાથે ટ્રાફીક પોલીસ સ્ટેશને જઈને શહેરની એક મહિલાએ પોતાની વેદના વ્યકત કરી : મહિલાને એકે હેલમેટ જ થતા નથી..! : પોલીસ પણ મુંઝાઈ**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સે-૨૨ ખાતે સ્થિત ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં ત્રણ ત્રણ ઈ મેમો લઈને શહેરની એક હેવી બોડી ધરાવતી મહિલા આવી... 'સાહેબ, હું હેલમેટ લઈને આવી છું. પણ મને હેલ્મેટ થતું નથી, મારા માથાના માપનું હેલ્મેટ તો લાવી આપો... કયાંય મળતું નથી.' ખરેખર આ મહિલાના માથે હેલમેટ જતું ન હતું. આ જોઈને પોલીસ પણ મુંઝવણમાં મુકાઈ ગઈ છે કે આ સમસ્યાનું નિરાકરણ શું...? હવે કદાચ એસ.પી. સમક્ષ સમસ્યા લઈ જઈ આ મહિલાના નંબરને સીસ્ટમમાં બ્લેક લીસ્ટ કરાવવા કાર્યવાહી થાય તેવી શકયતા છે.

ગાંધીનગર શહેર વિસ્તારમાં રહેતી એક મહિલાને તબક્કાવાર હેલમેટ વગર વાહન ચલાવવા બદલ તેણીના ઘરે ત્રણ ત્રણ ઈ મેમો આવ્યા છે. આ ઈ મેમો અને હેલ્મેટ હાથમાં લઈને હેવી બોડી ધરાવતી આ મહિલા ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે પહોંચી હતી. મહિલાએ કાંઈ જ કહ્યા વગર પોલીસને હેલ્મેટ આપ્યું અને કહ્યું કે આ હેલ્મેટ મને પહેરાવો...! પ્રયત્ન કરવા છતા હેલ્મેટ ન થયું. તેણીએ જાતે પણ પોલીસની સામે હેલ્મેટ પહેરવા પ્રયત્ન કર્યા પરંતુ માથાના ભાગેથી હેલ્મેટ નીચે જ ઉતરતું ન હતું. મહિલાએ કહ્યું તમારા પૈકી કોઈનું પણ હેલ્મેટ મને પહેરાવી બતાવો...! કોઈનું હેલ્મેટ ન થયું...! આ ડેમો આપ્યા બાદ મહિલાએ કાંઈ કહેવાની જરૂર જ ન રહી. પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ..! મહિલાએ કહ્યું કે હું હેલ્મેટ પહેરવા માંગુ છું પરંતુ મારા માપનું હેલ્મેટ જ કયાંય મળતું નથી. સાહેબ, તમે મારા માથાના માપનું હેલ્મેટ તો લાવી આપો! હું ક્યાં સુધી આવી રીતે મેમો ભરતી રહીશ? મહિલાનો પ્રશ્ન સમજી શકાય તેમ હતો. સમગ્ર મુંઝવણ ટ્રાફીક પીઆઈ જતીન પ્રજાપતિ સમક્ષ રજુ કરાઈ...! હવે આ કિસ્સામાં શું કરવું તે બાબત પર સવાલો ઉભા હતા. બે ચાર દિવસમાં એસપી વિરેન્દ્રસિંહ યાદવને આ પ્રશ્નથી વાકેફ કરી જો શકય બને તો આ મહિલાના વાહનનો નંબર ઈ-મેમો સીસ્ટમમાંથી બ્લેક લીસ્ટ કરવા તજવીજ કરાશે...!

# સે-૨૩નો બગીચો બન્યો અસામાજીક તત્વોનો અડ્ડો



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર મધ્યે સેકટર-૨૩માં આવેલ હરીયાળો બગીચો દારૂડીયાઓ માટે સુરક્ષિત સ્થળ બન્યું છે. બગીચાની મધ્યે ખુલ્લેઆમ દારૂની મહેફિલો મંડાય છે. ચારથી પાંચ વ્યકિતઓ દૈનિક રીતે આ બગીચામાં આવી દારૂ પીને છાકટા બને છે. કામગીરીના દિવસો દરમિયાન ફકત મહિલાઓ અને નાના બાળકો જ ઘરે હોય ત્યારે તકનો લાભ લઈ આ લુખ્ખા તત્વો પોતાનું પોત પ્રકાશે છે. દારૂડીયાઓની આ પ્રવૃત્તિથી તંગ આવેલા રહીશો આ માથાભારે શખ્સોને રોકી ટોકી શકતા ન હોવાથી આ પ્રવૃત્તિ વધુ ફુલી ફાલી છે જેથી સત્વરે પોલીસ આ દુષણ અટકાવે તેવી માંગ ઉઠી છે.

શહેરમાં દારૂડીયાઓ હવે બિન્દાસ્ત બનતા જઈ રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર પીધેલા નજરે પડે છે. જો કે રહેણાંક વિસ્તાર આ દુષણથી દુર હતો. પરંતુ પોલીસની ધાક ઓછી થઈ જતા દારૂડીયાઓની હિંમત ખુલી જતા હવે રહેણાંક વિસ્તારમાં પણ પ્રવૃત્તિ શરૂ કરી દીધી છે. શહેરના પોશ ગણાતા વિસ્તાર એવા સેકટર-૨૩ના બગીચામાં દારૂડીયા મહેફીલ માણે છે. યોગ્ય જાળવણીથી હર્યો ભર્યો અને હરીયાળો બનેલો આ બગીચો દારૂડીયાના આગમનથી સૂનકારમાં પરિવર્તીત થયો છે.

દિવસ દરમિયાન દારૂની બોટલો, પાણી તથા નાસ્તા સાથે આવતા ચાર પાંચ શખ્સોની આ બગીચામાં દૈનિક પ્રવૃત્તિ બની ગઈ છે. વધુમાં ખાણી પીણી પતાવીને ખાલી બોટલો સહિતનો કચરો બગીચામાં જ ખુલ્લામાં ફેંકી દઈ ગંદકી પણ કરે છે. ઉંચી વગ ધરાવતા આ માથા ભારે શખ્સોને સ્થાનિકો દ્વારા એકાદવાર ટકોર કરવામાં આવતા બિભત્સ ગાળા ગાળી સાથે માર મારવા દોડી આવતા હવે મહિલાઓ અને બાળકોમાં દહેશત ફેલાઈ છે. બાળકો માટેના રમત ગમતના સાધનથી સુસજ્જ આ બગીચો દારૂડીયાઓના આગમન પછી વેરાન બન્યો છે. વધુમાં પોલીસ આ સ્થળે પેટ્રોલીંગ કરતી ન હોવાથી આ તત્વો બેફામ બન્યા છે. જેથી સે-૨૩ના બગીચાને અસામાજીક તત્ત્વોની ચુંગાલમાંથી મુકત કરવા રહીશોની માંગ ઉભી થઈ છે.

# ઈન્દ્રોડા ગ્રામજનો દ્વારા ચ-૩ ખાતે સેવા કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામના ગ્રામજનો દ્વારા દરવર્ષે અંબાજી પગપાળા જતા પદયાત્રિકો માટે સેવાકેન્દ્ર શરુ કરવામાં આવે છે. આ વર્ષે પણ બીજથી આ સેવા કેન્દ્રનો પ્રારંભ થઈ ગયો છે. બે દાયકાથી પણ વધુના સમયથી ગ્રામજનો નિરંતર અંબાજી જતા ભકતોની સેવામાં રાત-દિવસ રહે છે. આ સેવા કેન્દ્રમાં ચા-પાણી, લીંબુ શરબત, સુકો નાસ્તો, ફળફળાદી, સાંજે કઢી-ખીચડી, આરોગ્યલક્ષી મેડીકલ સેવા સહિત ન્હાવા માટે ગરમ પાણી તેમજ આરામ કરવા માટેની વ્યવસ્થાથી સેવા કેન્દ્ર સજ્જ છે. પ્રતિવર્ષ લાખો ભકતો આ કેન્દ્રનો લાભ લે છે. સેવા કેન્દ્રમાં રોજ સવાર-સાંજ આરતી તેમજ પૂજા અર્ચના સહિત દિવસભર માતાજીના ગીતોથી સમગ્ર વાતાવરણ ભકિતમય બની જવા પામે છે. જયારે ચોવીસ કલાક ચાલતા સેવા કેન્દ્રમાં ૨૦ થી વધુ યુવાનો સતત કાર્યરત રહી ભકતોની સેવામાં મગ્ન રહે છે.

બોલ મારી અંબે જય જય અંબેના નારાથી રાજયનું પાટનગર ગુંજી ઉઠશે. પાટનગરના રાજમાર્ગો પરથી અમદાવાદ, ખેડા, નડીયાદ, વડોદરા, સુરત, ભરૂચ, વાપી, વલસાડ અને મુંબઈથી પગપાળા અંબાજી જતા ભકતો પસાર થાય છે. શહેરમાં ચોથ થી તેરસ સુધી ભકતોનો ભારે ધસારો હોય છે. શહેર પણ આ દિવસોમાં ધાર્મિક વાતાવરણનો માહોલ જામે છે. પગપાળા અંબાજી જતા ભકતોની સેવામાં નગરના વિવિધ સ્થળે નાના મોટા થઈને ૪૦ થી વધુ સેવા કેન્દ્રો કાર્યરત હોય છે. નગરના આંગણેથી પસાર થતા ભકતોને સહેજપણ તકલીફ ના પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. ત્યારે નગરના ચ-૩ સર્કલ પાસે ઈન્દ્રોડા ગામના ગ્રામજનો દ્વારા ૧૯૯૩ થી સેવાકેન્દ્રની શરૂઆત કરી છે જે ૨૩ વર્ષથી નિરંતર ચાલી રહી છે. સેવા કેન્દ્રમાં શરૂઆતના તબક્કે ચા-પાણી, નાસ્તો, આરામ તેમજ ન્હાવાની વ્યવસ્થા કરવામાં આવતી હતી. જેમ જેમ સમય વિતતો ગયો તેમ તેમ સેવા કેન્દ્રમાં પણ બદલાવ આવ્યો છે. જયારે અત્યારે હાલ ભકતો માટે ગ્રામજનો દ્વારા સાંજે ભકતો માટે ખીચડી-કઢી, મોબાઈલ ચાર્જર, આરામ વ્યવસ્થા, આરોગ્યલક્ષી સેવા, સુકો નાસ્તો અને ફ્રુટનું વિતરણ કરવામાં આવે છે. આ સેવા કેન્દ્ર ૨૪ કલાક કાર્યરત રહે છે. શહેરની આસપાસના ગ્રામજનો અંબાજી જવા માટે નીકળતા હોવાથી છેક પૂનમ સુધી કેન્દ્ર કાર્યરત રહે છે. ઈન્દ્રોડાના અંદાજીત ૨૦ થી વધુ યુવાનો ખડેપગે સેવામાં રહે છે. જયારે ગામના વયોવૃધ્ધ નાગરીકો પણ યુવાનોને માર્ગદર્શન પુરુ પાડે છે. અને ભકતોને કોઈ પણ જાતની તકલીફ ના પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. જયારે સેવામાં કાર્ય કરતા યુવાનો પણ હસતા મોંઢે જય અંબે, જય અંબે બોલતા જાય છે અને પાછા સેવામાં જોતરાઈ જાય છે.






## વાતવાતમાં

● રવિવારે વહેલી સવારે ઘ-૪ સર્કલે યોજાયેલ પુસ્તક પરબમાં સનદી અધિકારી જયંતિ રવિ સે-૮ના શ્રમજીવી પરિવારના બાળકોને પોતાની કારમાં સાથે લઈને આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે જયંતિ રવિ શ્રમજીવી પરિવારના જરૂરિયાતમંદ બાળકોને નિયમિત શિક્ષણ આપવાનું સેવા કાર્ય ઘણા સમયથી કરી રહ્યાં છે.

● શહેરમાં સોમવારથી વરસાદના વિઘ્નની આશંકા વચ્ચે ગણેશોત્સવનો ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. વરસાદના વિઘ્નથી બચવા મોટા ભાગના ગણેશોત્સવના આયોજકોએ વિઘ્નહર્તા માટે વોટરપ્રુફ પંડાલ તૈયાર કર્યા છે.

● સે-૩માં જૈન દેરાસર પાસે એક કાર અને બાઈક સવાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં ૭૦ વર્ષીય વયોવૃધ્ધ વડીલ બાઈક ચાલકને સામાન્ય ઈજાઓ સિવાય કોઈ ગંભીર ઈજા થવા નહોતી પામી.

● બીજી તરફ શહેરના વીઆઈપી માર્ગ કહેવાતા 'જ' માગે એક ૨૨વર્ષીય યુવાન બાઈક ચાલકને કારની ટકકર વાગતા ગંભીર ઈજાઓ થઈ હતી. આ યુવાનને પહેલા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો પરંતુ ઈજાઓ ગંભીર જણાતા સઘન સારવાર માટે અમદવાદ ખસેડવો પડયો છે.

● ગાંધીનગરમાં જૈન સમાજ દ્વારા પર્યુષણ પર્વની ભારે ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. સોમવારે પર્યુષણ પર્વના અંતિમ દિવસે સે-૨૨માં જૈન દેરાસર ખાતે ઉજવણી કર્યા બાદ જૈન ભાવિકો એક બીજાને 'મિચ્છામી દુકકડમ' પાઠવશે.

# શિક્ષકનું પ્રથમ કામ બાળકને વાત્સલ્ય પુરું પાડવાનું છે

**શિક્ષકને બાળકની 'યશોદા' ગણતા ડૉ. સોમભાઈ પટેલે નરેન્દ્ર મોદીથી માંડીને ઝુંપડપટ્ટીના ગરીબ બાળકોનું જીવન ઘડતર કર્યું છે : કામ વગર પેન્શન પણ લેવું પસંદ નથી એટલે જરૂરિયાતમંદ બાળકોને વિના મૂલ્યે ભણાવી તેમના જીવનમાં નવો ઉજાસ પાથરે છે**




ગાંધીનગર, તા.૪


ગાંધીનગરના સે-૨૩ પાસે જયાં અસંખ્ય શ્રમજીવી પરિવારો ઝુંપડા બાંધીને રહે છે ત્યાં ફુટપાથ પર એક વયોવૃધ્ધ શિક્ષક ગરીબ બાળકોને મ્યુનિસિપલ કોર્પોરેશનના બાંકડે બેસી ભણાવી રહ્યા હતા. આ બાળકોમાંથી એક દિકરીએ પેલા શિક્ષક સાથે વાતચીતમાં એવું કહ્યું કે 'સર, મારે અમારી આ ઝુંપડપટ્ટીની અસ્થિર જીંદગીમાંથી મુકત થવું છે.' તેની આંખોમાં ચમકતા આત્મવિશ્વાસને અનુભવી પીઢ શિક્ષકે બરાબર વાંચી લીધો અને તેના અભ્યાસ પર વિશેષ ધ્યાન આપવાનું ચાલુ કર્યું. આ સાથે વિદ્યાર્થીનીની કડી સર્વ વિદ્યાલય સંકુલમાં ચાલી રહેલા વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રમાં તેની પસંદગી અનુસાર બ્યુટી પાર્લરના કોર્સમાં એડમિશન કરાવી દીધું. અભ્યાસ સાથે ઘરકામ કરી આ દિકરીએ કોર્સની ફી ભરી અને તાલીમ પુરી કરી તો પેલા શિક્ષકે તેને ઓળખીતાના બ્યુટી પાર્લરમાં નોકરી અપાવી દીધી. અહીં છ માસનો અનુભવ મેળવ્યા પછી એ દિકરીએ પોતાનું સ્વતંત્ર બ્યુટીપાર્લર ખોલવાની ઈચ્છા દર્શાવી તો તેને એક દાતાની મદદથી પાર્લરને લગતો તમામ સરંજામ અપાવી દીધો. આજે અમદાવાદ ખાતે પોતાના સ્વતંત્ર બ્યુટી પાર્લર સાથે એ દિકરી જેનું નામ ચાંદની દંતાણી છે તે ઝુંપડપટ્ટીની જીંદગીથી મુકત પગભર થઈ સન્માનભેર જીવન જીવી રહી છે. આ દિકરીને વાત્સલ્ય પુરું પાડી અસ્થિર ઝુંપડપટ્ટીની જીંદગીમાંથી સન્માનભર્યા ઉજજવળ જીવનનો રાહ દેખાડનાર પીઢ શિક્ષક એટલે ગાંધીનગર કડી સર્વ વિદ્યાલય સંકુલના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ સી. પટેલ. આજે ૭૮ વર્ષે પણ સતત કાર્યરત આ શિક્ષકનો જ એક વિદ્યાર્થી આજે દેશના વડાપ્રધાન પદે આરૂઢ છે.

ઉત્તર ગુજરાતના વીસનગર ખાતે ૧૯૩૮માં એક સામાન્ય ખેડુત કુટુંબમાં ચાર દિકરા અને ત્રણ દિકરીઓના સાત સંતાનોમાં છેલ્લા નંબરે જન્મેલા સોમભાઈ પરિવારમાં એક માત્ર શિક્ષિત સભ્ય હતા. ગુજરાતી વિષયમાં માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કરી વર્ષ ૧૯૬૧માં વડનગર ખાતે શિક્ષકની નોકરીથી કારકિર્દીનો પ્રારંભ કરનાર આ શિક્ષકને ખબર પણ નહોતી કે તેનો એક વિદ્યાર્થી ભવિષ્યમાં દેશનું સુકાન સંભાળશે. સતત ઉર્જાથી ઉભરાતા આ શિક્ષક કલાસમાં દેશભકિતના ગીતો ગાતા અને પ્રસંગો કહેતા ત્યારે નરેન્દ્ર નામનો એ વિદ્યાર્થી તેમને એકીટશે નિહાળી રહેતો. સોમભાઈએ વડનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શાખાનો પણ પ્રારંભ કર્યો અને નરેન્દ્રને તેમાં સામેલ કર્યો. આ જ શાખામાં નરેન્દ્ર મોદીનું ખરું ઘડતર થયું હતું. નરેન્દ્ર મોદી જયારે વર્ષ ૨૦૦૫માં ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એકવાર તેમના જીવન ઘડતરમાં ભાગ ભજવનાર તમામ ગુરુઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં તેમણે ડૉ. સોમભાઈ પટેલનું પણ સન્માન કર્યું હતું. એટલું જ નહિ જયારે ડૉ. સોમભાઈ પટેલના જીવન આધારિત એક પુસ્તક 'સૌમ્ય પ્રતિભા'નું જયારે તેમના જ વિદ્યાર્થીની અંજના બારોટે સંકલન કર્યું ત્યારે નરેન્દ્ર મોદીએ જાતે શુભેચ્છા પત્ર લખીને મોકલી આપ્યો હતો. દર નૂતન વર્ષે નરેન્દ્ર મોદીને મળવા જતા ડૉ. સોમભાઈ પટેલના ચરણ સ્પર્શ કરવાનું તેઓ કદી ચુકતા નહીં.

વડનગર અને વીસનગર ખાતે શિક્ષક તરીકે નોકરી કર્યા બાદ સોમભાઈને પાટણની એક કોલેજમાં પ્રાધ્યાપક તરીકે નોકરી મળી જયાં તેમણે ૨૭ વર્ષ સુધી સેવાઓ આપી હતી. અહીં એક દિવસ રેલવે સ્ટેશન ફરવા નીકળ્યા હતા ત્યારે એક દમામદાર પોલીસ અધિકારી સામે મળ્યા અને તેમની પાસે આવી પગે લાગ્યા અને બોલ્યા 'સાહેબ મને ઓળખ્યો?' સોમભાઈએ કહ્યું, હા, તમે પોલીસ બની ગયા? તો પેલા અધિારીએ કહ્યું, હા સાહેબ આ તમારી જ કૃપાના કારણે છે. સોમભાઈ પટેલના વિદ્યાર્થીઓમાં કોઈક કોલેજના પ્રિન્સિપાલ છે તો કોઈક જીઈબીના અધિકારી, કોઈક પોલિસ અધિકારી છે તો કોઈક એડવોકેટ છે.

વર્ષ ૧૯૯૧માં તેમને ગાંધીનગરની ઉમા આર્ટસ કોલેજ ખાતે પ્રિન્સિપાલ તરીકે નિયુકિત મળી ત્યારથી આજ સુધી તેમણે આ શહેરને પોતાનું ઘર બનાવી દીધું છે. ચીલાચાલુ પધ્ધતિના બદલે નાવિન્યમાં માનતા સોમભાઈની આ કોલેજ સમગ્ર ગુજરાતમાં એક માત્ર કોલેજ હતી જયાં દરરોજ પ્રાર્થના થતી, અરે યુનિ.ની પરીક્ષાનું પેપર પણ પ્રાર્થના પત્યા બાદ જ પ્રારંભ થતું. નિયમને બંધન નહી, વ્યકિતત્વનું રક્ષણ માનતા સોમભાઈએ ગુજરાતી વિષયમાં પીએચડી કરી ડોકટરેટની પદવી મેળવી છે. તેમને રજાઓ પ્રત્યે અણગમો રહેતો તેઓ નિવૃત્ત થયા ત્યારે તેમની ૭૦૦ રજાઓ વપરાયા વગરની જમા હતી જેને તેમણે એમ જ જવા દીધી. હંમેશા કોલેજમાં બધાથી પહેલા આવતા અને છેલ્લા જતા સોમભાઈએ નિવૃત્તિ બાદ પેન્શન પણ કામ વગર લેવું પસંદ નથી તેથી ઝુંપડપટ્ટીના બાળકોને છ વર્ષથી નિયમિત નિઃશુલ્ક શિક્ષણ આપે છે. અક્ષરજ્ઞાનના નામે ઓળખાતા તેમના આ વર્ગોમાં ૩૦ જેટલા બાળકોને અન્ય સેવાભાવી શિક્ષકોની મદદથી ભણાવાય છે એટલું જ નહી પરંતુ સ્વચ્છતા, રીતભાત અને શિષ્ટાચાર શિખવાડાય છે તથા તેમની સાથે તમામ તહેવાર પણ ઉજવાય છે. સોમભાઈ પટેલે વિવિધ વિષયે સાતેક પુસ્તકો પણ લખ્યા છે. તેમનું માનવું છે કે શિક્ષક બાળકની યશોદા માતા છે. શિક્ષકનું સૌથી પ્રથમ કામ બાળકને વાત્સલ્ય પુરું પાડવાનું છે.





પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# ઘ-૫ થી ઘ-૬ તરફ જતી ફોર્ચ્યુનર કાર ઉંધા માથે...!

ગાંધીનગર શહેરના ઘ-૫ સર્કલથી ઘ-૬ સર્કલ તરફ ગઈ રાત્રે જઈ રહેલી ફોર્ચ્યુનર ગાડી નં. જીજે ૧૮ બીબી ૯૬૯૭ને નડેલો અકસ્માત જોઈ રાહદારીઓ ચોંકી ગયા હતા. ફોર્ચ્યુનર ગાડી ઉંધા માથે થઈ ગઈ હતી. જો



કે સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની કે કોઈને ગંભીર ઈજાઓ થવા પામી ન હતી. મળતી વિગત મુજબ ચારેક મિત્રો ગાડી લઈને જઈ રહ્યા હતા ત્યારે રસ્તા આડે એક બાઈક ચાલક આવી જતા તેને બચાવવા સ્ટીયરીંગ ફેરવી દીધુંને ગાડી પલ્ટી મારીને ઉંધા માથે થઈ ગઈ હતી. આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાવા પામી નથી.



ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી ખાતે ચાલી રહેલા ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રવિવારે મળી સંગઠનની રચના કરી હતી. આ બેઠકમાં સર્વાનુમતે જાણીતા એડવોકેટ તથા કોલમિસ્ટ અશ્વિન ત્રિવેદીને પ્રમુખપદે તેમજ હ્યુમન ફાઉન્ડેશનના કેતન પટેલને મહામંત્રી સહિત અન્ય પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. આ બેઠકમાં જર્નાલિઝમના ભૂતપૂર્વ તથા ચાલુ વર્ષના વિદ્યાર્થીઓએ મળીને સમાજોપયોગી કાર્યક્રમોના આયોજન કરવા અંગે પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. તેમજ નવા વિદ્યાર્થીઓના જોબ પ્લેસમેન્ટ માટે પણ મદદરૂપ થવાની કટિબધ્ધતા દર્શાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. રમાબેન મનસુખભાઈ સોલંકી, ઉ.વ. ૭૪
- સ્વ. ઉષાબેન દલસુખભાઈ બારોટ, ઉ.વ. ૪૪
- સ્વ. મકવાણા કાન્તિભાઈ લક્ષ્મણભાઈ, ઉ.વ. ૩૧
- સ્વ. જતનબેન તળજીભાઈ રબારી, ઉ.વ. ૬૦
- સ્વ. સુશીલાબેન ચેતનજી ઠાકોર, ઉ.વ. ૩૦